# ધાનેરામાં વિંદ્યુત બોર્ડની નબળી કામગીરીથી નગરવાસીઓ ત્રાહિમામ

## જાહેર માર્ગો ઉપરના વીજ થાંભલા અને વીજ લાઈન ઘાસમાં લપેટાયા : કર્મચારીઓ ઘોર નિંદ્રામાં

ધાનેરામાં વિધુત બોર્ડની નબળી કામગીરીથી ધાનેરા વાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે સામાન્ય વરસાદથીજ ધાનેરા માં વીજળી ગુલ થઈ જાય છે અને ધાનેરામાં અંધારપટ છવાઈ જવા પામે છે અને લોકો ને ભારે મુશ્કેલી નો સામનો કરવો પડે છે તો બીજી તરફ વિધુત બોર્ડની પ્રિમોન્સુન પ્લાન ની કામગીરી ઝીરો દેખાઈ રહી છે અને ધાનેરા ના જાહેર માર્ગો ઉપર ના વીજ થાંભલા અને વીજ લાઈન ઘાસ માં અટવાયેલી જોવા મળી રહી છે.

ધાનેરા વિસ્તાર માં વિધુત બોર્ડ ની નબળી કાગીરીથી ધાનેરા વાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ધાનેરા શહેર અને ધાનેરા તાલુકા માં સામાન્ય વરસાદથીજ વીજળી ગુલ થઈ જાય છે અને લોકો ખુબજ મુશ્કેલી નો સામનો કરવો પડે છે ચોમાસા પહેલા વિધુત બોર્ડ ધ્વરા પ્રિમોન્સુન ની કામગીરી કરવામાં આવતી હોય છે જેમાં વીજ લાઈન ચકાસણી કરવી અને વીજ થાંભલા તેમજ વીજ લાઈન સારી રીતે રીપેર કરવી જેથી સામાન્ય વરસાદ માં વીજળી ગુલ ન થાય અને લોકો ને ભારે મુશ્કેલી નો સામનો ન કરવો પડે પરંતુ ધાનેરા માં તો કેક અવળીજ ગંગા



જોવા મળી રહી છે વીજ લાઈન રીપેર કરવાની વાત તો દૂર રહી પણ વીજ લાઈન અને વીજ થાંભલા પાર ચડેલું ઘાસ દૂર કરવાનો પણ વીજ કર્મચારીઓ પાસે ટાઈમ નથી ચોમાસુ પૂરું થવાના આરે છે છતાં પણ વીજ થાંભલા અને વીજ લાઈન ઘાસ માં લપેટાયેલા જોવા મળી રહ્યા છે અને આજ દ્રશ્યો વીજકર્મચારીઓ ની કામગીરીની પોળ ખોલી રહ્યા છે ગત રાત્રે સામાન્ય વરસાદ થીજ ધાનેરા ના શિવનગર તેમજ અન્ય વિસ્તાર માં વીજળી ગુલ થઈ ગઈ હતી અને લોકોએ ખુબજ મુશ્કેલી સાથે રાત વિતાવી હતી અને જયારે લાઈટ બન્ધ થઈ જાય ત્યારે ધાનેરા વિધુતબોર્ડ ના કર્મચારીઓ પોતપોતાનો ફોન બન્ધ કરી નાખે છે અને લોકો ને જવાબ પણ આપતા નથી આતો વાત હતી માત્ર ચોમાસા ની પણ ધાનેરા શાહે માં તો કેટલાક ઘરો ઉપર થી જોખમી વીજ લાઈન પસાર થાય છે તે બાબતે અનેક વાર લેખિક અને મૌખિક રજૂઆત કરવા છતાં પણ વીજ કર્મચારીઓ સાંભળવા નથી ત્યારે આ જોઈ એવું લાગી રહ્યું છે કે ધાનેરા વિધુતબોર્ડ ના અધિકારીઓ અને કર્મચારીઓ ધાનેરા માં મોટી જાનહાની ની રાહ જોઈને બેઠા છે.

આ તો વાત હતી માત્ર ધાનેરા શહેર ની પણ જો ધાનેરા તાલુકા ની વાત કરવામાં આવે તો ધાનેરા તાલુકા ના ધાખા ફતેપુરા જેવા અનેક ગામોમાં પણ વીજળી બન્ધ થઈ જવા પામી હતી અને લોકોએ ખુબજ મુશ્કેલી સાથે રાત વિતાવી હતી ત્યારે ધાખા માં તો લોકોએ ભેગા મળી ધાખા સબ સ્ટેશન માં હોબાળો પણ મચાવ્યો હતો છતાં પણ આ ભેરા અધિકારીઓ કોઈનું સાંભળવા તૈયાર જ નથી ત્યારે હવે તમે પણ સાંભળો કે લોકો શું કહે છે ધાનેરા વિધુત બોર્ડ ની ઓફિસ નો થોડા દિવસ પહેલા વિડીયો વાયરલ થયો હતો જેમાં કોઈપણ અધિકારીઓ હાજર નહતા અને ઓફિસ માં લાઈટ તેમજ પંખા ચાલુ જોવા મળ્યા હતા આ જોઈ એવું લાગી રહ્યું છે ધાનેરા વાસીઓ ભારે મુશ્કેલી નો સામનો કરી રહ્યા છે અને વિધુત બોર્ડ ના અધિકારીઓ આરામ ફરમાવી રહ્યા છે ત્યારે આ બાબતે લગતા વળગતા અધિકારીઓ તાત્કાલિક પગલાં ભારે નહિતર આવનારા સમય માં લોકો ભારે આંદોલન કરે તો પણ કોઈ નવાઈ ની વાત નથી.

# રાજ્યમાં પાંચ જિલ્લાઓમાં મેડિકલ કૉલેજ બનાશે : નીતિન પટેલ

## દેશમાં ૭૫ જિલ્લામાં મેડિકલ કોલેજ બનશે, મેડિકલ કોલેજના નિર્માણ માટે કુલ ૩૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ થશે

ગાંધીનગર,તા.૧૧

ગુજરાતમાં રૂા. ૩૨૫ કરોડને ખર્ચે નવી ૫ મેડિકલ કોલેજ બનાવવામાં આવશે. આ અંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પત્રકાર પરિષદ યોજીને જાણકારી આપી હતી. તેમણે પત્રકાર પરિષદમાં કઈ કઈ જગ્યાએ મેડિકલ કોલેજ બનશે તે વીશે માહિતી આપી હતી. તેમણે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના દ્વારા ગુજરાતમાં ૫ લાખ લોકોને વીમાકવર અંગે પણ ઘોષણા કરી હતી. રાજ્યમાં ૫ જિલ્લામાં મેડિકલ કોલેજ બનશે જ્યારે દેશમાં ૭૫ જિલ્લાઓમાં મેડિકલ કોલેજ બનાવવામાં આવશે.

રાજ્યમાં રૂા. ૩૨૫ કરોડને ખર્ચે મેડિકલ કોલેજનું નિર્માણ થશે જેમાંથી કેન્દ્ર સરકાર ૧૯૫ કરોડની મદદ કરશે જ્યારે રાજ્ય સરકાર ૧૩૦ કરોડ રૂપિયાનો ખર્ચ ઉઠાવશે. કરોડોના ખર્ચે ગુજરાતી વિદ્યાર્થીઓ માટે મેડિકલ કોલેજ બનાવવામાં આવશે. ૫માંથી ૩ કોલેજનું કામ યુધ્ધના ધોરણે શરૂ કરવામાં આવશે.

દેશમાં ૫૦ કરોડ નાગરિકોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના યોજનાનો લાભ મળે છે. જેમાંથી ગુજરાતમાં ૫ લાખ નાગરિકોને પ્રધાનમંત્રી જન



આરોગ્ય યોજના યોજનાનો લાભ મળે છે. ૧૫ ઓગસ્ટ ૨૦૧૮ દેશના વડાપ્રધાનએ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની ઘોષણા કરી હતી. આ યોજના વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય વીમા યોજના છે.

આ યોજના હેઠળ દેશના લગભગ ૧૦ કરોડ પરિવાર એટલે કે લગભગ ૫૦ કરોડ લોકોને દર વર્ષે ૫ લાખનો સ્વાસ્થ્ય વીમો મળશે. આ યોજના નો લાભ અંદાજીત ૮ કરોડ ગ્રામિણ પરિવારો અને ૨.૪ કરોડ શહેરી પરિવારો ને મળશે. આવી રીતે દેશની લગભગ ૪૦ ટકા જનસંખ્યા ને સ્વાસ્થ્ય વીમો મળશે. આ યોજના માં લાભાર્થી પરિવારો ને યોજના સાથે જોડાયેલી સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો મા તદન મફત સારવાર મળશે.

# થાવર સેલટેક્સ કચેરીના અધિકારી વાહનચાલકો પાસેથી પૈસા ઉઘરાવતા હોવાની રાવ

## વાહન ચાલક પાસે બધા જ કાગળ હોય તો પણ પૈસા માંગવામાં આવે છે : જાગૃત નાગરિક

ધાનેરા તાલુકાના થાવર ગામે આવેલી સેલ્સટેક્સ કચેરીના અધિકારીઓ વાહન ચાલકોને પરેશાન કરી પૈસા ઉઘરાવતા હોવાની વાતે વેગ પકડ્યું છે છે જો ખરેખર સત્ય હોય તો ખુબ જ શરમજનક કહેવાય.

ગુજરાત-રાજસ્થાન સરહદ પર આવેલા ધાનેરા તાલુકાના થાવર ગામે તંત્ર દ્વારા સેલ્સટેક્સ કચેરી મૂકવામાં આવી છે પરંતુ આ સેલ ટેક્સ કચેરી પર ફરજ બજાવતા અધિકારીઓની મનમાની કરી રહ્યા હોય તેવું સામે આવી રહ્યું છે વાહનચાલકો આક્ષેપ કરી રહ્યા છે કે આ સેલ ટેક્સ કચેરી પર અધિકારીઓ દ્વારા ખુલ્લેઆમ પૈસાની માગણી કરવામાં આવી રહી છે અને જો કોઈ વાહનચાલક પૈસા આપવાની ના પાડે તો તેને લાખો રૂપિયાનો રકમનો મેમો સંભળાવવામાં આવે છે અને આખરે વાહનચાલક ડરી અને આ લોકોને પૈસા આપતા હોય છે ત્યારે ગત રાત્રે એક વાહનચાલકને સેલ



ટેક્સ કચેરી પર રોકવામાં આવ્યો તેની પાસે તમામ ડોક્યુમેન્ટ તમામ ટેક્સ ભરેલા હતા છતાં પણ આ અધિકારીએ તેની પાસે ૮૩ હજાર રૂપિયાની માગણી કરી હોવાનું પ્રવાહન ચાલાક જણાવી રહ્યો છે શું કહે છે ટ્રક ચાલક તમે વાહન ચાલકે તો અધિકારીઓ પર આક્ષેપ કરતા અમારી ટીમ દ્વારા અધિકારીઓની મુલાકાત કરવામાં આવી હતી તો અધિકારીઓ દ્વારા પણ એવું કહેવામાં આવ્યું હતું કે વાહન ચાલકે તમામ ડોક્યુમેન્ટ રજૂ કર્યા છે પણ ડોક્યુમેન્ટ મોડા રજૂ કર્યા છે અને મેમો બની ગયો છે માટે પૈસા ભરવા પડશે ત્યારે હવે તમે પણ સાંભળો થાવર આરટીઓ ચેકપોસ્ટ અધિકારી ડાભી શું કહે છે.

વાહન ચાલાક નું કહેવું છે કે એક સામાન્ય બિલ જે પોતે ભૂલી ગયો હતો અને અધિકારીઓએ ગાડી રોકાવતા ટ્રક ચાલકે બિલ મોબાઈલ દ્વારા રજૂ માં મંગાવ્યું હતું નેરજૂ પણ કરી દીધું હતું ત્યારે આ અધિકારી એવું કહે છે કે તમે સાથે કેમ ન લઈ આવ્યા સામાન્ય વ્યક્તિ હોય ભૂલ તો થાય છે પરંતુ બિલ રજૂ કરી દીધું છે છતાં પણ એને આટલો મોટો ડંડ કેમ કે પછી આ ટ્રકચાલકે અધિકારીઓને પૈસા નથી આપ્યા તેના માટે અધિકારીઓ પજવણી કરી રહ્યા છે માટે જિલ્લાના અધિકારીઓ આ બાબતે તટસ્થ તપાસ કરાવે તેવી વાહનચાલકોની માંગ ઉઠવા પામી છે.

# માર્ગ-મકાન વિભાગ અને નર્મદા જળ સંપત્તિના કાયમી રોજમદારો દિવાળીના બદલે હોળી મનાવશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજય જાહેર બાંધકામ મજૂર મંડળ દ્વારા કાયમી રોજમદારોને સાતમા પગાર પંચનો તફાવત હજુ સુધી આપવામાં આવ્યો ના હોવાથી કાયમી રોજમદારો દિવાળીની જગ્યાએ હોળી મનાવશે તેવી ચિમકી મંડળ દ્વારા ઉચ્ચારવામાં આવી છે. મંડળના મહામંત્રી કે.એમ. કનૈયાએ અખબારી યાદીમાં જણાવ્યુ છે કે રાજ્ય સરકાર દ્વારા માર્ગ અને મકાન વિભાગ તથા નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા વિભાગના કાયમી રોજમદારોને સાતમુ પગારપંચ તા. ૧૬મી મે ૨૦૧૭ના ઠરાવથી આપી દીધુ તો છે પરંતુ આજ દિન સુધી તેનો તફાવત ચુકવ્યો નથી તેથી કામદારોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે જેના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# લક્ષચંડી મહાયજ્ઞ માટે મોદી તેમજ અમિત શાહ પહોંચશે

## ૧૮-૨૨ ડિસે. વેળા શ્રી ઉમિયા માતાજી લક્ષચંડી યજ્ઞ છ ત્રણ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય પણ લક્ષચંડી મહાયજ્ઞમાં ખાસ હાજર રહેશે : દેશ-વિદેશના ૮૦ લાખથી વધુ લોકો જોડાશે

અમદાવાદ, તા.૧૧

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા આગામી તા.૧૮થી તા.૨૨ ડિસેમ્બર દરમ્યાન ઉંઝા-વિસનગર રોડ પરની ટીપી સ્કીમ નં-૮ ખાતે ૮૦૦ વીઘા જમીનમાં ભવ્યાતિભવ્ય, ઐતિહાસિક અને રેકોર્ડ સમા શ્રી ઉમિયા માતાજી લક્ષચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ ઐતિહાસિક લક્ષચંડી મહાયજ્ઞમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ પણ આવશે. તો, દેશના ચાર ક્ષેત્રોમાં આવેલા મઠના ચાર જગદ્‌ગુરૂ શંકરાચાર્ય પૈકી સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજી અને નંદેશ્વર સરસ્વતીજી સહિત ત્રણ જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી ખાસ હાજરી આપશે. વિશ્વમાં ૧૮મી સદી બાદ સૌપ્રથમવાર યોજાનાર આ લક્ષચંડી મહાયજ્ઞના દર્શનનો લાભ દેશ-વિદેશમાંથી આશરે ૮૦ લાખથી વધુ લોકો લેશે, જે એક ઐતિહાસિક અને રેકોર્ડપૂર્ણ ઘટના રહેશે એમ અત્રે લક્ષચંડી મહાયજ્ઞના ચેરમેન બાબુભાઈ જે.પટેલ અને આંતરરાષ્ટ્રીય ઉમિયા ફેડરેશનના ચેરમેન સી.કે.પટેલે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શ્રી ઉમિયા માતાજીના આશીર્વાદથી સામાજિક, શૈક્ષણિક, આરોગ્ય અને કલ્યાણકારી અનેકવિધ યોજનાઓ પરિપૂર્ણ કરવાના શુભઆશયથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા તા.૧૮થી તા.૨૨ ડિસેમ્બર દરમ્યાન આયોજિત શ્રી ઉમિયા માતાજી લક્ષચંડી મહાયજ્ઞમાં આશરે ગુજરાત સહિત સમગ્ર દેશમાંથી અને ૧૨૪ દેશોમાં ૮૦ લાખથી વધુ ભકતો-શ્રધ્ધાળુઓ પધારશે. ન ભૂતો ન ભવિષ્યતિ એવા આ લક્ષચંડી મહાયજ્ઞમાં સંસ્થાન દ્વારા ૧૦૮ યજ્ઞકુંડ તેમ જ ૧૧૦૦ દૈનિક પાટલાના યજમાનશ્રીઓ સાથે યજ્ઞની શરૂઆત માં ઉમિયાની દિવ્ય જયોતની સાક્ષીએ ઉમિયા બાગ ખાતે અવિરત ૧૬ દિવસ સુધી ૧૧૦૦ જેટલા પ્રકાંડ પંડિત બ્રાહ્મણો દ્વારા દુર્ગા સપ્તશતિના ૭૦૦ શ્લોકોથી એક લાખ ચંડીપાઠના દશમાં ભાગના દસ હજાર પાઠની શાસ્ત્રોકત વિધિથી આહુતિ અપાશે. લક્ષચંડી મહાયજ્ઞના ચેરમેન બાબુભાઈ જે.પટેલ અને આંતરરાષ્ટ્રીય ઉમિયા ફેડરેશનના ચેરમેન સી.કે.પટેલે ઉમેર્યું કે, ૨૭ વીઘા જમીનમાં કુલ ૫૧ શકિતપીઠના પ્રતિક મંદિર સાથે ૮૧ ફુટ ઉંચાઈની યજ્ઞશાળા નીચે ૩૫૦૦ વ્યકિતઓ સાથે બેસી શકે એટલા વિશાળ યજ્ઞમંડપમાં ૭૫૦૦૦ કિલો કાષ્ટ, ૩૨૦૦ કિલો ઘી, ૧૫ મેટ્રિક ટન અડાયા(છાણા), હજારો કિલો તલ, ડાંગર અને વિવિધ દિવ્ય દ્રવ્યો અને ઔષધિઓની યજ્ઞમાં હોમાનાર પવિત્ર આહુતિ સાથે ચંડીપાઠના સતત ઉચ્ચારણ અને વૈદિક મંત્રોચ્ચારથી ઐતિહાસિક અને અભૂતપૂર્વ દૈદિપ્યમાન વાતાવરણ સર્જાશે.

# રાહુલ ગાંધીનો દસ હજારના જામીન પર છૂટકારો

## એડીસી બેંકના બદનક્ષીના કેસમાં બે મુદતોથી ગેરહાજર રહેનાર રણદીપ સૂરજેવાલા સામે જામીનપાત્ર વોરંટ જારી

અમદાવાદ,તા.૧૧

અમિત શાહને હત્યા કેસના આરોપી કહેવા બદલ માનહાનિ કેસમાં કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી આજે અમદાવાદના ઘીકાંટા સ્થિત મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની ૧૬ નંબરની કોર્ટમાં રૂબરૂ હાજર રહ્યા હતા. સુરત કોર્ટની જેમ અમદાવાદમાં પણ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટે રાહુલ ગાંધીને તેમની વિરૂધ્ધનો માનહાનિ અને બદનક્ષીનો ગુનો કબૂલ હોવા અંગે પૃચ્છા કરી હતી, જેના પ્રત્યુત્તરમાં રાહુલ ગાંધીએ સુરત કોર્ટના જવાબની જેમ જ ના પાડી હતી. દરમ્યાન રાહુલ ગાંધીના એડવોકેટ તરફથી આ કેસમાં તેમની જામીન અરજી રજૂ કરાઈ હતી. જેની સુનાવણી બાદ કોર્ટે રાહુલ ગાંધીના દસ હજારના શરતી જામીન મંજૂર કર્યા હતા. વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી રાહુલ ગાંધીના જામીનદાર બન્યા હતા. દરમ્યાન રાહુલ




ગાંધીએ એડીસી બેંકના બદનક્ષીના કેસમાં મેટ્રોપોલીટન કોર્ટ નંબર-૧૩માં પણ હાજરી આપી હતી. જો કે, એડીસી બેંકના આ કેસમાં છેલ્લી બે મુદતથી ગેરહાજર રહેનાર કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રણદીપ સૂરજેવાલા વિરૂધ્ધ એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ એન.બી.મુન્શીએ જામીનપાત્ર વોરંટ જારી કર્યું હતું. આ હુકમને સ્થગિત કરવાની માંગણી પણ કોર્ટે ફગાવી દીધી હતી. ગુજરાત કોંગ્રેસના સ્થાનિક નેતાઓ અને આગેવાનો તેમ જ સંખ્યાબંધ કાર્યકરો સાથે રાહુલ ગાંધી તેમના કેસની સુનાવણી અનુસંધાનમાં આજે શહેરની ઘીકાંટા સ્થિત મેટ્રો કોર્ટમાં હાજર થયા હતા. મેટ્રો કોર્ટના જજે રાહુલને પૂછ્યું કે, તમને આ કેસમાં તમારો બદનક્ષી અને માનહાનિ સંબંધી ગુનો કબૂલ છે ? ત્યારે રાહુલ ગાંધીએ ગુનો કબૂલ ન હોવાનું જણાવ્યું હતું. બાદમાં રાહુલ ગાંધીના વકીલ તરફથી તેમની જામીનઅરજી રજૂ કરી તેઓને જામીન પર મુકત કરવા વિનંતી કરવામાં આવી હતી. કોર્ટે રાહુલની જામીન અરજી ગ્રાહ્ય રાખી તેમને દસ હજારના જામીન પર છોડવાનો હુકમ કર્યો હતો. વિપક્ષ નેતા પરેશ ધાનાણી આ કેસમાં રાહુલના જામીનદાર બન્યા હતા. પ્લી રેકોર્ડની પ્રક્રિયા પૂર્ણ થતાં રાહુલ ગાંધી તરફથી કોર્ટમાં હાજર રહેવાની મુક્તિ મેળવવા માટે પણ કોર્ટમાં એક્ઝમ્પ્શન અરજી પણ કરાઈ હતી, જેની તા.૭ ડિસેમ્બરે સુનાવણી હાથ ધરવામાં આવશે. આ સમયે કોર્ટમાં ગુજરાતના પ્રભારી રાજીવ સાતવ, કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિપક્ષનેતા પરેશ ધાનાણી, બિહારના પ્રભારી શકિતસિંહ ગોહિલ હાજર રહ્યા હતા. દરમ્યાન ૧૬ નંબરની કોર્ટ કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ રાહુલ ગાંધી મેટ્રોપોલીટન કોર્ટ નંબર-૧૩માં એડીસી બેંક તરફથી તેમની વિરૂધ્ધ કરાયેલી બદનક્ષીની ફરિયાદના કેસમાં સુનાવણી અર્થે પહોંચ્યા હતા.

### સતર્ક રહે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારોમાં મચ્છર ઉત્પતિ સ્થાનોની ચકાસણી કરી મચ્છરોના પોરાનો નાશ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે અમલ કરવાની રહેશે. તમામ શાળાઓ, કોલેજો, બાંધકામના સ્થળો, કોર્મ. એસ્ટાબ્લીશમેન્ટ, જાહેર આરોગ્ય સંસ્થાઓ તેમજ જુદી જુદી સંસ્થાઓની ટીમો દ્વારા સાપ્તાહિક મુલાકાત લઈ મચ્છર ઉત્પત્તિ અટકાવવાની સઘન ઝુંબેશ હાથ ધરવી.

બાંધકામના સ્થળો તેમજ ઔદ્યોગિક એકમોમાં મચ્છરની ઉત્પત્તિ માલુમ પડે તો તેને તુરત જ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવી તેમજ કાયદાકીય રીતે દંડની જે જોગવાઈ છે તે પણ વસુલ કરવાની રહેશે.

આરોગ્ય વિભાગમાં આંતરિક સંકલન જાળવી અને નિયત કરેલી ભૂમિકા મુજબ મચ્છર ઉત્પત્તિ અટકાવવાની અને રોગ નિયંત્રણની કામગીરીમાં સહભાગી થવા જરૂરી કાર્યવાહી કરવી. આ ઉપરાંત ખાનગી તબીબોને સેન્સીટાઈઝ કરવા તથા તેમની પાસેથી રોજેરોજ રિપોર્ટ મેળવી જે તે વિસ્તારમાં રોગ અટકાયતી પગલાંનો અમલ કરવા જણાવાયુ છે.

જે વિસ્તારમાં ડેન્ગ્યુના કેસો રીપોર્ટ થયા હોય ત્યાં ૨૪ કલાકની અંદર પુખ્ત મચ્છરોના નિયંત્રણ માટે ઈન્ડોર ફોગીંગ કામગીરીનો અમલ કરવાનો રહેશે એક જ વિસ્તારમાંથી ઘણા બધા કેસો રીપોર્ટ થયા હોય તો સમગ્ર વિસ્તારને ઈન્ડોર ફોગીંગ હેઠળ આવરી લેવાના રહેશે.

ફીવર સર્વેલન્સ પણ સઘન કરવુ અને તાવના દર્દીઓને સારવાર માટે નજીકના આરોગ્ય કેન્દ્રમાં ખસેડવા પર પણ ભાર આ પત્રમાં મુકવામાં આવ્યો છે.

### મુલાકાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમના હાવભાવને લઈને કોઈ પ્રોટોકોલ આડે આવ્યા ન હતા. જિનપિંગ પણ વિશેષ કોઈ વસ્ત્રોમાં દેખાયા ન હતા. મોદીએ માર્ગ ઉપર જ ચીનના પ્રમુખની આગેવાની કરી હતી. ત્યારબાદ આગામી એક કલાક સુધી શીને મહાબલીપુરમના પ્રાચીન મંદિરો, ખાસ ઝુકેલા પથ્થરોની અનમોલ વિરાસત દર્શાવી હતી. હકીકતમાં મહાબલીપુરમના ચીનના ૧૭૦૦ વર્ષ જુના કનેક્શન રહેલા છે. મોદીએ જિનપિંગને જે ત્રણ ઐતિહાસિક સ્મારકોને દર્શાવ્યા હતા તેમાં અર્જુનની તપસ્યાવાળા સ્થળ, પંચરથ અને શૌર મંદિરનો સમાવેશ થાય છે. સાંજ પડતાની સાથે જ શૌર મંદિરમાં બંને નેતાઓએ રામાયણની પટકથાનું મંથન નિહાળ્યું હતું. આ સાંસ્કૃતિક નૃત્ય ભારતના પ્રસિદ્ધ સાંસ્કૃતિક નૃત્ય કલા ક્ષેત્ર દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું જેને ક્લાસીકલ ડાન્સર અને કાર્યકર રુકમણી દેવીએ ૧૯૩૬માં રચ્યું હતું. બેઠકોના દોરને લઈને હજુ પણ ચર્ચાઓ ચાલી રહી છે. ઐતિહાસિક કાળમાં આ બંને દેશો વચ્ચે વેપાર માટે સિલ્ક રુટ તરીકે પ્રયોગ કરવામાં આવ્યા બાદ મહાબલીપુરમની રોચકતા હવે વધી ગઈ છે.

### મંજૂર નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાશ્મીર મામલે પાકિસ્તાનને ચીન અને તુર્કી એ બે દેશો જ સાથ આપી રહ્યાં છે. તેઓ આંતરરાષ્ટ્રીય મંચ પર પણ કાશ્મીર મામલે પાકિસ્તાનનું સમર્થન કરી ચુક્યા છે. જેમને પણ આજે શાહે સ્પષ્ટ સંદેશ આપી દીધો હતો. શાહે અમેરિકા સિવાય બીજા કોઈ દેશનું નામ લીધું નહોતું. પરંતુ પાકિસ્તાનું સમર્થન કરનારા ચીન અને તુર્કીને શાહે શાનમાં જ સમજાવી દીધા હતાં.

કોંગ્રેસ પર કાશ્મીર મુદ્દાનું આંતરરાષ્ટ્રીયકરણ કરવાનો આરોપ લગાવતા અમિત શાહે કહ્યું હતું કે, રાહુલ ગાંધીએ કાશ્મીર મુદ્દા પર પોતાનું સ્ટેન્ડ સ્પષ્ટ કરવું જોઈએ. ગઈ કાલે એક ફોટો આવ્યો જેમાં કમલ ધાલીવાલ કે જેઓ કોંગ્રેસ પાર્ટીના ઓવરસીઝ અધ્યક્ષ અને રાહુલ ગાંધીના નીકટ ગણાય છે તેમણે બ્રિટનની લેબર પાર્ટીના સાંસદ કે જેમનું કહેવું છે કે કાશ્મીરમાં સ્થિતિ ઠીક નથી. પાકિસ્તાન તરફી ઝુકાવ ધરાવનારા આ બ્રિટનના સાંસદ સાથે કમલ ફોટો પડાવ્યો. શાહે કહ્યું હતું કે, કાશ્મીર આપણો આંતરિક મુદ્દો છે પરંતુ કોંગ્રેસ તેનું આંતરરાષ્ટ્રીયકરણ કરી રહી છે. રાહુલ ગાંધી સ્પષ્ટ કરે કે કાશ્મીર મામલે તેમનું સ્ટેન્ડ શું છે. ભાજપ સરકાર વિદર્ભના વિકાસ માટે કામ કરી રહી છે. જ્યારે કોંગ્રેસ અને એનસીપી પોતાના પરિવાર અને પુત્રના વિકાસ માટે કામ કરે છે.

### હિંસા ઘટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે વારંવાર બહાર નિકળી આવતા હતા તેવા બનાવો પણ હવે ઘટી ગયા છે. જો કે, સ્થિતિને સુધારવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં પાકિસ્તાનના નાપાક ઈરાદા સ્પષ્ટપણે દેખાઈ આવે છે. પાકિસ્તાન ઘુસણખોરોને ઘુસાડવાના તમામ પ્રયાસમાં છે જેથી જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ પર બાજ નજર રાખવામાં આવી રહી છે. જમ્મુ કાશ્મીરમાં અંધાધૂંધી અકબંધ રહે તેવા પ્રયાસ પાકિસ્તાન તરફથી કરવામાં આવ્યા છે. આર્મી કમાન્ડરે આજે કહ્યું હતું કે, અમે આતંકવાદીઓના તમામ ઈરાદાઓને નિષ્ફળ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, અંકુશરેખા પર સંયુક્ત રાષ્ટ્રની ભૂમિકામાં કોઈ ફેરફાર નથી.

### બેવડી સદી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ ભારતીય બોલરોએ પોતાની તાકાત દર્શાવી હતી. આવતીકાલે ત્રીજા અને મહત્વપૂર્ણ દિવસે દક્ષિણ આફ્રિકા માટે ખુબ મુશ્કેલરુપ ગાળો રહેશે. કારણ કે, એકબાજુ દક્ષિણ આફ્રિકાને ફોલોઓન બચાવી લેવાનો પડકાર રહેશે. બીજી બાજુ મેદાનમાં ઉભા રહેવાની પણ જરૂર રહેશે. વિરાટ કોહલીએ હવે સૌથી વધારે રેકોર્ડ સર્જવાના આંકડાને તોડવામાં સફળતા મેળવી છે. વિરાટ કોહલી ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધારે બેવડી સદી ફટકારનાર ભારતીય બેટ્સમેન બની ગયો છે. કોહલીએ ૮૧મી ટેસ્ટ મેચ રમતા ૧૩૮મી ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. સચિન તેંડુલકરે ૨૦૦ ટેસ્ટ મેચોમાં ૩૨૯ ઈનિંગ્સમાં તથા વિરેન્દ્ર સહેવાગે ૧૦૪ ટેસ્ટ મેચની ૧૮૦ ઈનિંગ્સમાં છ-છ બેવડી સદી ફટકારી હતી. વિરાટ કોહલીએ પોતાની બેવડી ઈનિંગ્સમાં કોઈ છગ્ગો ફટકાર્યો ન હતો. ત્યારબાદ પ્રથમ છગ્ગો ફટકાર્યો હતો. કોહલી જ્યારે ૨૦૮ રનના સ્કોર પર રમી રહ્યો હતો ત્યારે જીવનદાન મળ્યું હતું. મુથુસ્વામીના બોલિંગમાં તે કેચ આઉટ થયો હતો પરંતુ આ બોલને નો બોલ જાહેર કરાયો હતો.

### નોબેલ પુરસ્કાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈથોપિયા તેમજ પૂર્વ અને ઉત્તર-પૂર્વ આફ્રિકા ક્ષેત્રમાં શાંતિ માટે પ્રયાસો કરી રહેલા તમામ લોકોને પણ ઓળખ મળી છે. અબિય અલી લશ્કરમાં ઈન્ટેલિજન્સ અધિકારી હતા. તેમણે દેશમાં મોટાપાયે આર્થિક અને રાજકીય સુધારા લાગુ કર્યા છે. તેમણે ઈથોપિયાને પોતાના પાડોશી દેશ ઈરીટ્રિયા સાથે ૨૦ વર્ષથી ચાલી રહેલા સરહદી વિવાદનો અંત લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ તેમને નોબેલ આપવા માટે મજબૂત પાસું રહ્યું હતું. અબિય ૨૦૧૮માં વડાપ્રધાન બન્યા હતા, ત્યારે તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ ઈરીટ્રિયા સાથે શાંતિ વાટાઘાટને પુનઃ શરૂ કરશે. ઈરીટ્રિયાના રાષ્ટ્રપતિ ઈસાઈઆસ અફવેરકી સાથે અબિયાએ શાંતિ સમજૂતિ માટે ઝડપથી કામ કર્યું અને બન્ને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા વિવાદનો અંત લાવવામાં આવ્યો હતો. ૧૯૦૧થી ૨૦૧૯ સુધીમાં કુલ ૯૯ શાંતિના નોબેલ આપવામાં આવ્યા છે. ૧૩૩ લોકો અને સંસ્થાને આ સમ્માન આપવામાં આવ્યું છે. ૧૯ વખત શાંતિનું નોબેલ જાહેર કરવામાં આવ્યું નહતું. અત્યાર સુધીમાં ૧૭ મહિલાઓને નોબેલથી સમ્માનિત કરવામાં આવી છે.

### ભારે આક્રોશ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કટોતી શરૂ કરાતા પ્રબળ રોષ પ્રવર્તયો હતો. આ મામલે આંદોલનની રાહ અપનાવી અગાઉ પણ સંસ્થાઓ તેમજ નગરના અગ્રણીઓએ લડત આપી હતી. આજે આ રૂટમાં કામગીરી હાથ ધરાતા તંત્ર દ્વારા હરિયાળા વૃક્ષોને કાપવાનુ શરૂ કરાયુ હતુ. આ વિસ્તારમાંથી અંદાજિત ૩૦૦ જેટલા વૃક્ષો નડતરરૂપ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. હરિયાળા ગાંધીનગરમાં વિકાસના નામે વૃક્ષોનુ નિકંદન વળતા નગરજનોમાં આક્રોશ પ્રવર્તયો છે.

### ધાર્મિલ દવે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લગભગ બેભાન જેવી હાલત અનુભવતાં જ સઘન સારવાર માટે ગાંધીનગર અમદાવાદ હાઈવે પરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. છેલ્લા ત્રણ દિવસથી તે બેભાન જ હતો. ગઈકાલે થોડીક ચેતનાનો સંચાર થતો જણાયો હતો પરંતુ સવારે તેણે તેના અંતિમ શ્વાસ લીધા હતા. ધાર્મિલ ઉર્ફે છોટુ આસપાસના રહીશોમાં અત્યંત લોકપ્રિય હતો.આનંદવાટિકામાં રહેતા ધાર્મિલની આજે સાંજે અંતિમ યાત્રા નીકળી ત્યારે નગરના નગરસેવકો, રાજકીય આગેવાનો, વરિષ્ટ વસાહતીઓ, કોલેજના તેના સાથીઓ, વેપારી આગેવાનો, બ્રાહ્મસમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.